# બીડી-કામદારોના વર્કશોપમાં

હૈદરાબાદમાં કર્મચારી ભવિષ્યનિધિ સંગઠન, બરકતપુરા ચમન ખાતે જાન્યુઆરીની ૧૯- ૨૦મીએ મીટિંગ યોજવામાં આવી હતી. એક દિવસ નિઝામાબાદના બીડી-કામદારોની મુલાકાત અને બીજે દિવસે વર્કશોપ યોજવામાં આવેલ. આ મીટિંગ ગુજરાતનાં બીડી- કામદાર - બહેનો માટે પ્રોવિડન્ટ ફંડ અમલી બને તે હેતુથી 'સેવા' અને સેન્ટ્રલના પ્રોવિડન્ટ ફંડ કમિશનરના સંયોજનથી યોજવામાં આવી હતી. આ વર્કશોપમાં ગુજરાતના લેબર કમિશનર, કેન્દ્ર સરકારના પ્રતિનિધિ તેમજ 'સેવા'નાં રેનાના ઝાબવાલા, મનાલી શાહ, કાર્યકર્તાઓ અને આગેવાન બહેનોએ ભાગ લીધો હતો.

નિઝામાબાદના બીડી-કામદારોની માહિતી પ્રોવિડન્ટ કમિશનરે સ્લાઇડ દ્વારા સમજાવી. ત્યાં બીડી-ઉત્પાદનની ૭૬ સંસ્થા નોંધાયેલ છે. ૪.૩૫ લાખ બીડીના લાભાર્થી છે. ત્યાં મેસર્સ દેસાઈ બ્રધર્સ લિ.માં ૯૯૯૬૩ કામદારો સંકળાયેલા છે. કાચો માલ - તમાકુ ગુજરાત અને આંધ્રમાંથી તેમ જ પત્તાં મધ્યપ્રદેશમાંથી આવે છે. ઠેકેદાર અને ઘરખાતા-કામદાર દ્વારા બીડીનું ઉત્પાદન થાય છે. આ બધા કામદારો નોંધાયેલ છે. ત્યાં કામદારોને ૧૦૦૦ બીડીએ રૂ. ૪૭.૬૦ મળે છે. ત્યાં આ કામમાં સ્ત્રીઓ ૯૯ ટકા છે.

અહીં ૧૦ વર્ષ કામ કર્યું હોય તે કામદારને માટે પેન્શન યોજના છે અને પ્રોવિડન્ટ ફાળામાં પણ દર વર્ષે વધારો જોવા મળે છે. ૨૦૦૧માં આ કામદારોનું પ્રો. ફંડ ૫૭ કરોડ ૫૦ લાખ આ ઑફિસમાં જમા છે.

ત્યાંનાં બહેનો પાસેથી જાણવા મળ્યું કે તેમને કાયદેસર ઓળખપત્ર, નિમણૂકપત્ર, લૉગબુક અને પ્રો. ફંડની પાસબુક પણ મળેલ છે. દર વર્ષે પ્રો. ફંડના કેટલા જમા થયા તેની રસીદ મળે છે અને પેન્શનનો લાભ મળે છે.

નિઝામાબાદની ઑફિસમાં કામદારનો કલેઈમ આવે તો તેનો નિકાલ કમ્પ્યૂટર દ્વારા તરત જ કરવામાં આવે છે. એક દિવસમાં તેની રકમનો ચેક મળી જાય છે.

બીજે દિવસે વર્કશોપમાં સેન્ટ્રલના પ્રો. ફંડ કમિશનરશ્રી વિશ્વનાથને જણાવ્યું કે ભારતમાં ૧૬,૦૨,૭૨૬ બીડી-કામદારો છે. તેમણે વધુમાં કહ્યું કે, સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ ઘરખાતા-કામદારોની જવાબદારી માલિકોની છે.

'સેવા'નાં રેનાનાબહેને ગુજરાત અને મધ્યપ્રદેશના બીડી-કામદારના સંગઠનની વાત કરતાં કહ્યું કે, 'સેવા'એ આ કામદારોને લઘુતમ વેતન મળી રહે તે માટે પ્રયત્નો કર્યા છે. બીજાના પ્રમાણમાં તેમને વેતન ઓછું મળે છે. ઘણા કામદારો એવા છે જેમના ઘર બીડીના વેતન પર ચાલે છે. તેમને સામાજિક સુરક્ષા ફંડ પણ મળતું નથી. છેલ્લાં ૧૫ વર્ષથી અમારા કામદારો પ્રોવિડન્ટ ફંડ માટે લડે છે. તેને માટે કાયદામાં રસ્તો કાઢી હલ લાવવા પ્રયત્નશીલ રહેવા જણાવ્યું હતું. ગુજરાતમાં ૮૦ ટકા તમાકુનું ઉત્પાદન થાય છે.

આંધ્રના પ્રો. ફંડ કમિશનર એમ. એસ. રાવે કહ્યું કે, સુપ્રિમકોર્ટનો ઑર્ડર આવ્યો ત્યારથી - ૧૯૮૫થી કામદારોને પ્રો. ફંડ મળે છે. આંધ્રના ૧૩ જિલ્લામાં બીડી-કામદાર છે. નિઝામાબાદમાં પાંચ લાખ બીડી-કામદારો છે. ઘરખાતા-કામદારોને ૧૦૦૦ બીડીના રૂ. ૪૭-૫૦ મળે છે. તેલંગણા અને નિઝામાબાદના કામદારોની આ કામમાં આવડત (સ્કીલ) ઘણી સારી છે. તેમનું મજબૂત સંગઠન છે. ૮૪૩૮ પેન્શનર છે. દર વર્ષે ૩૦થી ૪૦ લાખ તેમને ચૂકવાય છે.

ગુજરાતના લેબરકમિશનરશ્રી સંજયપ્રસાદે ગુજરાતના બીડી-કામદારની પરિસ્થિતિ જણાવતાં કહ્યું કે, ઇએસઆઈ સ્કીમ નીચે ૧૫૦, પ્રો. ફંડના ૭૭૫, બીડી સેસ વિભાગ- સ્વાસ્થ્ય, છાત્રવૃત્તિ ૫૦,૦૦૦થી વધુ અને ઓળખપત્ર ૪૫૭૮૦ને મળેલ છે.

ગુજરાતસરકારની ગણતરી મુજબ ૫૫૦૦૦ બીડી કામદારો છે. ૪૫ યુનિટ રજિસ્ટર થયાં છે.

અહીં ઘરખાતા-કામદારોને લઘુતમ વેતન કરતાં ઓછું મળે છે તેથી કાયદો લાગુ પાડવામાં મુશ્કેલી નડે છે. 'સેવા' દ્વારા કેસ હાઈકોર્ટમાં ચાલે છે.

રેનાનાબહેને જણાવ્યું કે, ગુજરાતમાં ખેડા, અમદાવાદ, ઉત્તર ગુજરાતમાં બીડી બનાવનાર બહેનો છે. અગરબત્તીના ધંધામાં પણ ઘણાં બહેનો જોડાયાં છે. આ ઉદ્યોગ એવો છે કે ઘરના બીજા સભ્યો પણ તેમાં સમાય છે. બીડી સીગાર વર્કર્સ ઍક્ટ આવ્યો તે હેઠળ લઘુતમ-વેતન આવ્યું પરંતુ બહેનોને તે મળતું નથી. માલિકો સાથે વાટાઘાટો કરી તો દર વર્ષે ભાવમાં થોડો વધારો કરવામાં આવે છે. મિલ બંધ, આવક ઓછી તેથી રહેણી-કરણીનું સ્તર નીચું આવ્યું. બહેનો સતત કામ કરે, શારીરિક તકલીફ પણ ઘણી રહે. આ બહેનોને પ્રો. ફંડ મળી રહે તો મોટી ઉંમરે તેમનું ગુજરાન ચલાવી શકે. આંધ્રપ્રદેશમાં છે તેવી પદ્ધતિ ગુજરાતમાં કેવી રીતે લાવી શકાય...?

સંજયપ્રસાદે કહ્યું કે, ગુજરાતમાં બીડી-ઉદ્યોગને વધુ ફેલાવવા માંગતા નથી. બીડી-ઉદ્યોગમાંથી તે બહેનોને બીજા ઉદ્યોગમાં લઈ જવાનો ઇરાદો છે. બીડીમાં માર્કેટ-કિંમત ઓછી અને મજૂરી વધારે છે.

રેનાનાબહેને ઉમેર્યું કે, મિલ બંધ થયા પછી અસંગઠિત ક્ષેત્રમાં વધુ જોડાય છે. તેમાં માલિક/નોકરનો સંબંધ નથી. આપણા લેબર લૉને રિવ્યૂ કરવાની જરૂર છે.

અજયસિંહે કહ્યું કે, ગુજરાતમાં રૂ. ૩૪ મજૂરી મળે છે. પ્રો. ફંડ મેળવવા એકાઉન્ટ અને કાયદાની મોટી મુશ્કેલીને દૂર કરવાની જરૂર છે. આંધ્રમાં તો કામદારોને ઘણાબધા લાભ મળે છે.

ગુજરાતના પ્રો. ફંડ કમિશનરશ્રી ચંડોકે જણાવ્યું કે, પ્રોવિડન્ટ ઑફિસમાં ૭૫૦ બીડી-કામદારો નોંધાયેલા છે. તેમને પ્રો. ફંડ અપાવીશું. 'સેવા'એ ૧૫૪ બેનોનો કેસ (૭એ) કરેલ છે. હાલમાં આ કેસ હાઈકોર્ટમાં નિર્ણય પર છે.

આ બીડી-માલિકની સૂચનાથી બનાવડાવે તે જ માલિક-નોકરનો

અત્યારે આ બીડીના ધંધામાં જબરજસ્ત મંદી છે. જ્યારે પણ મંદી આવે, ત્યારે તેની સૌથી પહેલી અને માઠી અસર સીધી કામદારોને થાય. બીડી-કામદારોને છેલ્લા દોઢેક મહિનાથી કામ નથી. મહિનામાં માંડ આઠથી દસ દિવસ કામ મળે.

બીડી-કામદારો માટે સરકારશ્રીએ ખાસ કાયદો ઘડ્યો છે. પણ કાયદાનું અમલીકરણ થાય ત્યારે ! અત્યારે તો આ કામદારોને બે ટંક પેટપૂરતું મેળવવાનાંય સાંસાં પડે તેવી હાલત છે. ત્યારે થાય, એવા કાયદા શું કામના - જે ખરેખર રક્ષણ ન આપી શકે ? ખેર, એ વાત જ આખો એક જુદો વ્યાપક વિષય છે.

બીડીના ધંધામાં મંદી શાની ? શું બીડી પીવાનું ઓછું થઈ ગયું હશે ? આનો જવાબ મેળવવો જરૂરી તો ખરો જ. ભારતની ૮૦% વસ્તી ગામડામાં વસે. જ્યાં બીડી પીવાનું પ્રમાણ વધારે. પણ મંદીનાં કારણો અનેક છે. આને વૈશ્વીકરણ કહો કે સ્વાસ્થ્યસુરક્ષાનો પ્રચાર કહો, પણ હજારો કુટુંબો ભૂખે મરે. તેમના ભોગે સ્વાસ્થ્યની સુરક્ષાની ઝુંબેશ ચાલે. તેનો કોઈ વિકલ્પ તો કાઢવો જરૂરી છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા - જે WHOના નામે ઓળખાય છે, તે સંસ્થાએ તમાકુવિરોધી ઝુંબેશ શરૂ કરી. જેના દ્વારા સિગારેટ અને બીડી પીવા ઉપર પાબંદી મૂકવા સરકારો ઉપર દબાણ આવ્યું. ભારતમાં પણ તમાકુવિરોધી ઝુંબેશે વેગ પકડ્યો. ભારતનાં પણ કેટલાંક રાજ્યોમાં જાહેર જગ્યાઓ પર ધુમ્રપાન ઉપર પાબંદી આવી.

પણ આ તમાકુવિરોધી ઝુંબેશમાં એક ઊણપ રહી ગઈ. આ ઝુંબેશમાં મુખ્ય ભાર અપાયો બીડી અને સિગારેટ ઉપર. આપણા જેવા દેશ, કે જ્યાં બીડી અને સિગારેટની સાથે સાથે ગુટખા જેવા મસાલા અને તમાકુવાળા પાનનું પણ તેટલું જ સેવન થાય છે, ત્યાં આ તમાકુવિરોધી ઝુંબેશ, સ્વાસ્થ્યની રક્ષા જાળવવામાં કેટલીક સાર્થક રહેશે, તે જોવું રહ્યું.

બીજી તરફ બજારમાં સિગારેટ અને નાની બીડીઓ, ઓછા ભાવે આવી. આ સિગારેટ બહુરાષ્ટ્રીય કંપનીઓ બનાવવા લાગી. જે મશીનમાં બને. બીડી કરતાં રોજનું લાખોગણું ઉત્પાદન મશીન દ્વારા થાય. તેથી ભાવ સસ્તો. પણ આ સિગારેટને પણ પેલી ઝુંબેશની અસર તો થવાની જ.

કદાચ એવું પણ થાય તો નવાઈ નહીં, કે ભારતની પ્રજા ગુટખા અને પાન-મસાલા તરફ વળે. અને તમાકુવિરોધી ઝુંબેશ બીડી-કામદારો અને તમાકુ-કામદારોનો જ ભોગ લઈ લે. આ માટે વિશ્વ આરોગ્ય સંસ્થાએ બે મુદ્દા ઉપર ખાસ વિચારવાની જરૂર છે. તમાકુ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે તે વાતમાં કોઈ શંકા નથી, તેમાં કોઈ બે મત નથી. તેમાંથી આપણા સ્વજનોને મુક્ત કરાવવા જ જોઈએ. ત્યારે વિશ્વ આરોગ્ય સંસ્થાએ ફક્ત બીડી અને સિગારેટના જ સેવન નહીં, પણ તમાકુવાળા દરેક પદાર્થના સેવન ઉપર ભાર મૂકવો જરૂરી છે. જેમાં ગુટખા, પાન-મસાલા ઈત્યાદીનો સમાવેશ થાય.

સાથેસાથે, જે કામદારોના જીવન તમાકુની ખેતી અને તમાકુની પેદાશ જેમ કે બીડી બનાવવા ઉપર જ નિર્ભર છે, તેમના માટે વૈકલ્પિક રોજગારીની તકો પણ આ ઝુંબેશની સાથે-સાથે ઊભી કરવી તેટલી જ જરૂરી છે.

પરિણામે ગુજરાતનો ખેડા જિલ્લો, જે દેશનું ૬૦% બીડીનું તમાકુ